# 3.સંખ્યા સાથે રમત

પેટર્ન દ્વારા એકી, બેકી, વિભાજ્ય, અવિભાજ્ય અને સહ અવિભાજ્ય સંખ્યાઓને ઓળખે છે તથા વિવિધ રીતે વર્ગીકૃત કરે છે.

ખાલી જગ્યા પૂરો :

(૧) ______________ એ દરેક સંખ્યાનો અવયવ છે.

(૨) પ્રત્યેક અવિભાજ્ય સંખ્યાના અવયવોની સંખ્યા ____________ હોય છે.

(૩) કોઈ સંખ્યાના અવયવોનો સરવાળો તેના કરતાં બમણો થાય, તો તે ________ સંખ્યા છે.

(૪) __________ એ માત્રને માત્ર એક જ બેકી અવિભાજ્ય સંખ્યા છે.

(૫) બે સંખ્યાઓ કે જેનો સામાન્ય અવયવ માત્ર ૧ હોય તે સંખ્યાઓ _________ કહેવાય.

આપેલ સંખ્યા અવિભાજ્ય છે કે વિભાજ્ય તે કહે છે.

સૂચના મુજબ કરો.

(૧) ૫૩૩૫ અને ૯૦૨૦૮૧૪ ને ૧૧ વડે નિ:શેષ ભાગી શકાય કે નહિ ? ભાગાકારની ચાવીઓની મદદથી ચકાસો.

(૨) ૮૦, ૯૬, ૧૨૫ અને ૧૬૦ નો લ. સા. અ. શોધો.

(૩) ૧, ૨, ૪ અને ૫ નો એકવાર ઉપયોગ કરીને ચાર અંકની એવી એકી સંખ્યા બનાવો કે જેના પહેલા અને છેલ્લા અંકની આદલા બદલી કરીએ, તો તેને ૪ વડે નિ:શેષ ભાગી શકાય.

વિભાજ્યતાના નિયમોનો ઉપયોગ કરે છે.

(૧) ૨૦૦ કિમીના રોડ પર પ્રત્યેક કિલોમીટરે કપાયેલ અંતર દર્શાવતા ૧ થી ૨૦૦ અંકિત કરેલ મેઇલ સ્ટોન લગાડેલ છે. રોડની શરૂઆત થી એક બસ, ટ્રક અને ટેક્સી પ્રવાસ શરૂ કરે છે. જો બસ પ્રત્યેક ૧૦ માં મેઇલ સ્ટોન પર ઊભી રહે, ટ્રક દરેક ૧૨ મેઇલ સ્ટોન પર ઊભો રહે અને ટેક્સી પ્રત્યેક ૮ મેઇલ સ્ટોન પર ઊભી રહે, તો શરૂઆત બાદ કયા મેઇલ સ્ટોન પર ત્રણેય વાહનો એક સાથે ઊભા રહ્યા હશે ?

(૨) એક શાળા પુસ્તકાલય માં ૭૮૦ પુસ્તકો અંગ્રેજી ના અને ૩૬૪ પુસ્તકો વિજ્ઞાન ના છે. જો પુસ્તકો ને પ્રત્યેક વિષય ખાનામાં સમાન સંખ્યામાં ગોઠવવા હોય તો દરેક ખાનામાં કેટલાં પુસ્તકો મૂકવા જોઈએ ?

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર